# લોક સંવાદ સેતુ ફરિયાદ નિવારણ કાર્યક્રમ અમીરગઢ તાલુકા

| અ. નં. | તારીખ | ફરીયાદીનું નામ-સરનામું પેટા વિભાગની વિગત | ગામ | તાલુકો | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી /પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓના નામ નંબર | ફરિયાદનો વિગતવાર પ્રત્યુત્તર | નિરાકરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૬.૦૪.૨૦૧૬ | માણસા રામાભાઇ કુરાભાઇ રહેવાસી:ગાંજી, પેટા વિભાગીય કચેરી : ઇકબાલગઢ | ગાંજી(અમીરગઢ) | અમીરગઢ | મોજે ગાંજી-ઘોડા ગામે જ્યોતિગ્રામ યોજના તળે ૨૪ કલાક વીજ પુરવઠો મળવા અંગે | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી : ઇકબાલગઢ | નાયબ ઈજનેરશ્રી, પ્રજાપતી વિજય કુમાર માંનજી ભાઈ મો. નં : ૯૯૨૫૨૧૨૧૩૯ | અમીરગઢ તાલુકાનાં ગાંજી,તથા પરા વિસ્તાર,ઘોડા,પાદણી,ગોરસા,ખરાડીવાસ, નીચલાઘોડા,સરવા વગેરે ગામોમાં જ્યોતિગ્રામ ફિડેરો દ્વારા વીજ ગ્રાહકોને વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. અને બાકીના તમામ ગ્રાહકોને ગામતળ માં ન હોઈ ખેતીવાડી વિસ્તારમાં આવતા હોઈ ખેતીવાડી ફિડર ઉપર જોડવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે ખેતવાડી ફીડરોમાં ૮ કલાક ૩ ફેજ પાવર સપ્લાય તથા બાકીના સમયે સ્પેશિયલ ડિઝાઈન ટ્રાન્સફોરમર દ્વારા ઘરવપરાશ માટે સિંગલ ફેઝ વીજ પુરવઠો પુરો પાડવામાં છે. એટલે કે સદર ગ્રાહકોને ઘરવપરાશ માટે ૨૪ કલાક સિંગલ ફેઝ વીજપુરવઠો પુરો પાડવામાં આવે છે. | હકારાત્મક |
| ૨ | ૧૬.૦૪.૨૦૧૬ | ડૉ. પી.એમ.પાઠક (એકલવ્ય જનકલ્યાણ ટ્રસ્ટ) રહેવાસી:અમીરગઢ, પેટા વિભાગીય કચેરી : ઇકબાલગઢ | અમીરગઢ | અમીરગઢ | અમીરગઢ તાલુકાનાં કચ્છી કંપાઓને જ્યોતિગ્રામ યોજનામાં સમાવેશ કરવા બાબતે | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી : ઇકબાલગઢ | નાયબ ઈજનેરશ્રી, પ્રજાપતી વિજય કુમાર માંનજી ભાઈ મો. નં : ૯૯૨૫૨૧૨૧૩૯ | અમીરગઢ તાલુકા નાં તમામ ગામો માં જ્યોતિગ્રામ ફિડરો દ્વારા ગામ તળમાં આવેલા વીજ ગ્રાહકો ને વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. અને બાકીના તમામ ગ્રાહકો જે ખેતીવાડી વિસ્તાર માં છે તેઓને ખેતીવાડી ફિડર ઉપર જોડવામાં આવેલ છે. સદર તમામ કચ્છી કંપાઓ ખેતીવાડી વિસ્તાર માં વસવાટ કરતાં હોઈ તેઓને ખેતીવાડી ગ્રામ્ય ફીડર દ્વારા ૮ કલાક થ્રી ફેજ અને બાકીના સમયે સ્પેશિયલ ડીઝાઈન ટ્રાન્સફોરમર થી સિંગલ ફેઝ વિજપુરવઠો પૂરો પાડવામાં આવે છે. એટલે કે સદર ગ્રાહકોને ઘરવપરાશ માટે ૨૪ કલાક સિંગલ ફેઝ વીજપુરવઠો પુરો પાડવામાં આવે છે. તેઓની જ્યોતિગ્રામ ફીડરમાથી વિજજોડાણ લેવા અંગેની રજૂઆત અંગે જણાવવાનું કે સદર બાબત નીતિવિષયક હોઈ આપી શકાય નહીં. | હકારાત્મક |

| અ. નં. | તારીખ | ફરીયાદીનું નામ-સરનામું પેટા વિભાગની વિગત | ગામ | તાલુકો | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી /પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓના નામ નંબર | ફરિયાદનો વિગતવાર પ્રત્યુત્તર | નિરાકરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧૬.૦૪.૨૦૧૬ | ડુંગાઇચા કાનાભાઇ માનાભાઇ રહેવાસી:ભાયલા, પેટા વિભાગીય કચેરી : ઇકબાલગઢ | અમીરગઢ | અમીરગઢ | ભાયલા ગ્રામપંચાયતના ડાભચતરા,કેંગોરા,ભાયલા,ઇસરિયા જેવા વિસ્તારમાં વીજ કનેક્શન આપવા બાબત | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી : ઇકબાલગઢ | નાયબ ઈજનેરશ્રી, પ્રજાપતી વિજય કુમાર માંનજી ભાઈ મો. નં : ૯૯૨૫૨૧૨૧૩૯ | અમીરગઢ તાલુકાના ભાયલા ગ્રામપંચાયત હેઠળ આવતા ભાયલાના પેટાપરા કેંગોરામાં ૩૪ અને ઇસરિયામાં ૮૧ વિજજોડાણો આપવામાં આવેલ છે. ભાયલાના કેંગોરા ગામના જાંબુપાણીમાં ૪૮ અને ડાભચતરા ગામ ના બલિયાધાણા પેટાપરામાં ૨૮ નવીન અરજીઓ ઘરવપરાશના વિજજોડાણો માટે ટ્રાઈબલ પ્રોજેક્ટ એડ્મિનિસ્ટ્રેશન દ્વારા ભલામણપત્ર મળતા જરૂરી મોજણીકામ કરી તાંત્રિક મંજૂરી મેળવી લાઇન નાખવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ પરંતુ સદર વિસ્તાર રિજર્વ ફોરેસ્ટ માં હોઇ ફોરેસ્ટ વિભાગ દ્વારા કામ બંધ કરાવેલ. ત્યારબાદ પેટા વિભાગીય કચેરી દ્વારા દરખાસ્ત મંજૂરી અર્થે મોકલેલ પરંતુ ફોરેસ્ટ વિભાગ દ્વારા ૨૬.૧૦.૨૦૧૫ના રોજ ના મંજૂર કરતાં આગળની કાર્યવાહી હાથ ધરી શકાયેલ નથી. આ ઉપરાંત તાજેતરમાં સંકલન સમિતિ માં થયેલ ચર્ચા મુજબ ફરીથી ફોરેસ્ટ ની મંજૂરી મેળવવા પત્ર નં :- ૯૪૦/૯૪૧/૯૪૨ તા. ૩.૨.૨૦૧૫ થી દરખાસ્ત મોકલેલ છે. જેની ફોરેસ્ટ વિભાગ દ્વારા મંજૂરી આપવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. ફોરેસ્ટ ખાતાની મંજૂરી મળ્યે થી તાત્કાલિક લાઇન ઊભી કરી વિજજોડાણો આપવામાં આવશે. તે ઉપરાંત પણ ૨૦૧૬-૧૭ માં સરકારશ્રી દ્વારા જો | હકારાત્મક |
| ૪ | ૧૬.૦૪.૨૦૧૬ | વાસુ કમલેશકુમાર દુર્ગાપ્રસાદ રહેવાસી:ઇન્દિરાકોલોની,પેટા વિભાગીય કચેરી : ઇકબાલગઢ | અમીરગઢ | અમીરગઢ | રહેણાંક વિસ્તારમાંથી પસાર થતી થ્રી ફેજ લાઇન અન્ય જગ્યાએ થી પસાર કરાવવા બાબત | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી : ઇકબાલગઢ | નાયબ ઈજનેરશ્રી, પ્રજાપતી વિજય કુમાર માંનજી ભાઈ મો. નં : ૯૯૨૫૨૧૨૧૩૯ | અરજદાર વાસુ કમલેશકુમાર દૃર્ગાપ્રસાદ લાઇન શિફ્ટિંગ માટે તારીખ ૨૦.૭.૨૦૧૫ના રોજ અમીરગઢ ગ્રામ પંચાયત દ્વારા તારીખ :૨૪.૦૭.૨૦૧૫ આ બાબતે અરજી નોધણી કરાવેલ જે અનુસંધાને તપાસ કરતાં ઇન્દિરા આવાસ કોલોનીના રાહતના પ્લોટો ના મકાનો ઉપરથી ૧૧ કેવી ની વીજ લાઇન પસાર થાય છે જે સુરક્ષા અને સલામતી ના હેતુ થી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સદર લાઈન કંપની ના ખર્ચે એક અઠવાડીયામાં ખસેડી સદર પ્રશ્નનું નિરાકરણ લાવવામાં આવશે. | હકારાત્મક |

| અ. નં. | તારીખ | ફરીયાદીનું નામ-સરનામું પેટા વિભાગની વિગત | ગામ | તાલુકો | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી /પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓના નામ નંબર | ફરિયાદનો વિગતવાર પ્રત્યુત્તર | નિરાકરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧૮.૦૪.૨૦૧૬ | મુસતુખાન સુખ ગ્રામ શિલ્પી | ખાટીસીતરા( અમીરગઢ) | અમીરગઢ | વંચિત લાભાર્થીઓને ગુજરાત સરકાર શ્રી ની “સોલર હોમ લાઇટ” યોજના હેઠળ વીજ જોડાણ આપવા બાબત | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી : ઇકબાલગઢ | નાયબ ઈજનેરશ્રી, પ્રજાપતી વિજય કુમાર માંનજી ભાઈ મો. નં : ૯૯૨૫૨૧૨૧૩૯ | માન. ગુજરાત સરકારશ્રીની સોલર હોમલાઈટ યોજના હેઠળ ૨૫ જૂન ૨૦૧૫ થી ૩૧ જુલાઈ ૨૦૧૫માં અરજદારો જોડે થી જરૂરી અરજીઓ મંગાવી નોધણી ફી ભરાવેલ. ખાટીસીતરા ગામમાં કુલ ૧૦૧ અરજીઓ નોધણી થયેલ હતી તે પૈકી ૧૦૧ અરજદારોને સોલર હોમલાઇટ સિસ્ટમ ફિટ કરી માહે માર્ચ - ૨૦૧૬માં ઘર વપરાશના  વિજજોડાણ ચાલુ કરી આપવામાં આવેલ છે. આમ સરકારશ્રીની સોલર હોમ લાઇટ યોજના અંતર્ગત નોધણી થયેલ અને પરિપત્ર મુજબ યોગ્યતા ધરાવતા તમામ લાભાર્થીને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે. | હકારાત્મક |
| ૬ | ૧૮.૦૪.૨૦૧૬ | પટેલ જયંતિભાઇ મોહનભાઇ રહેવાસી: જુની સરોત્રી ઠે:- મોહનપુરા કંપા પેટા વિભાગીય કચેરી : ઇકબાલગઢ | જુની સરોત્રી | અમીરગઢ | અવાળા તા. અમીરગઢ ખાતે નવીન પાવર સ્ટેશન બનાવવા બાબત | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી : ઇકબાલગઢ | નાયબ ઈજનેરશ્રી, પ્રજાપતી વિજય કુમાર માંનજી ભાઈ મો. નં : ૯૯૨૫૨૧૨૧૩૯ | "ઇકબાલગઢ ને લગતા ગામડાઓને  વીજ પુરવઠો પૂરો પાડવા માટે ૬૬ કે.વી ઇકબાલગઢ સબ સ્ટેશનમાથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે પરંતુ આવનારા સમય ગાળા દરમિયાન નવીન ખેતીવાડી કનેકસનોને ધ્યાને લેતા ૬૬ કે.વી અવાળા સબ સ્ટેશન ટ્રાઈબલ યોજના હેઠળ  મંજૂર કરવામાં આવેલ પરંતુ આ અંગે જમીન સંપાદન ન થતાં આ સબ સ્ટેશન બનવા પામેલ નહીં જે બાબતે ૨૦૧3 માં ફરીથી જમીન સંપાદન બાબતે તજવીજ હાથ ધરતા બાલૂન્દ્રા મુકામે સર્વે નંબર ૧૪ માં ફાળવણી કરેલ.જે પણ તંત્રીક રીતે GETCO દ્વારા ના મંજૂર થયેલ.ત્યારબાદ ફરીથી જમીન સંપાદન હેતુ કાર્યવાહી કરતાં જૂની સરોત્રી મુકામે પંચમુખી હનુમાન મંદીર પાસે ઇકબાલગઢ ગ્રામપંચાયત દ્વારા જમીન ફાળવણી કરતાં GETCO દ્વારા આ અંગેની કાર્યવાહી ચાલુ છે.તેમજ જરૂરી જમીન સંપાદનની તમામ કામગીરી જેટકો દ્વારા કરવામાં આવે છે. | હકારાત્મક |
| ૭ | ૧૮.૦૪.૨૦૧૬ | મહેશભાઇ બૂમડિયા રહેવાસી:- ધનપુરા(વી) પેટા વિભાગીય કચેરી : ઇકબાલગઢ | ધનપુરા(વી) (અમીરગઢ) | અમીરગઢ | લોક સંવાદ સેતુ અંતર્ગત અમીરગઢ તાલુકા ના ગામડાઓમાં ગામતળ ના | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી : ઇકબાલગઢ | નાયબ ઈજનેરશ્રી, પ્રજાપતી વિજય કુમાર માંનજી ભાઈ મો. નં : ૯૯૨૫૨૧૨૧૩૯ | જ્યોતિગ્રામ ફિડેરો દ્વારા ફકત ગામતળમાં આવેલા વીજ ગ્રાહકોને વીજપુરવઠો પુરો પાડવામાં આવે છે. અને બાકીના તમામ ગ્રાહકોને ખેતીવાડી વિસ્તારમાં આવતા ખેતીવાડી ફિડર ઉપર જોડવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે યુજીવીસીએલ કંપની ના  પત્ર ક્રમાંક: યુજીવીસીએલ/આર&સી/ટેક/ઇઇ-૨/૭૯૯ તા-૦૨-૦૫-૨૦૧૫ અન્વયે ગામતળ માં ના આવતા હોય તેવા વીજ ગ્રાહકોને  જ્યોતિગ્રામ ફિડેરો માથી વીજ જોડાણ ન આપી શકાય . ખેતીવાડી ફીડરોમાં ૮ કલાક ૩ ફેજ પાવર સપ્લાય તથા બાકીના સમયે એસ.ડી.ટી. દ્વારા સિંગલ ફેજ ૨૪ કલાક વીજ પુરવઠો પુરો પાડવામાં છે જ. આમ સદર તમામ ગ્રાહકોને ઘરવપરાશ માટે ૨૪ કલાક સિંગલ ફેજ વિજપુરવઠો આપવામાં આવે છે. આમ છ્તાં તેઓને નાના ધંધા તેમજ દળવાની ઘંટી માટે બિનખેતી કે ગામતળમાં હોય તો તે અંગેના જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કર્યેથી વિજજોડાણ આપવામાં આવશે. અરજદારો દ્વારા રજૂ કરવામાં આવતા દસ્તાવેજી પુરાવાના આધારે વીજજોડાણ જે તે કેટેગરી કે ફિડર પરથી આપવામાં આવે છે દા.ત. ૭-૧૨ નો ઉતારો આપે તો ખેતીવાડી ફીડર પરથી અને આકારણી પત્ર અથવા મકાનનો દાખલો આપે તો જ્યોતિગ્રામ ફિડર પરથી વિજજોડાણ આપવામાં આવે છે. | હકારાત્મક |